RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# ભારતના પદ્મવિભુષણ અને વરિષ્ઠ ઉદ્યોગપતિ સ્વ. રતન ટાટાના થયેલ નિધન બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા સભ્ય પરિવાર દ્વારા ઘેરા શોક અને દુ:ખની લાગણી વ્યકિત કરી ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરે છે...

દેશના વરિષ્ઠ ઉધોગપતિ અને ટાટા ગ્રુપના ચેરમેન સ્વ. રતન ટાટાનું ગઈકાલ રાત્રે નિધન થયેલ છે. જેનાથી સમગ્ર દેશમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને ઉધોગજગતમાં પણ મોટી ખોટ પડી છે. પદ્મવિભુષણ રહી ચુકેલ સ્વ. રતન ટાટાના નિધન બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા તમામ કારોબારી સભ્યો દ્વારા ઘેરા શોક અને દુ:ખની લાગણી વ્યકત કરી ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

ઉધોગપતિ રતન ટાટા એ બે દાયકાથી વધુ સમય સુધી ટાટા ગ્રુપનું નેતૃત્વ કર્યું હતું અને તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે એક બિઝનેશ લીડર રહી ચુકયા છે. આમ ટાટા ગ્રુપએ ભારતની સૌથી મોટી કંપનીઓમાની એક ગણાય છે. તેમના કાર્યકાળ દરમ્યાન ભારત દેશે ઓટોમોબાઈલથી લઈ એવિએશન, ટેકનોલોજી, હોસ્પીટાલીટીથી લઈ કન્ઝયુમર પ્રોડકટસ અને સ્ટીલ સહિતના અનેક ક્ષેત્રોમાં નવી ઉંચાઈઓ સર કરી છે અને લાખો લોકોને રોજગારી પુરી પાડેલ છે. તેમજ સ્વ. રતન ટાટા સામાજીક મુલ્યો પ્રત્યે પ્રતિબધ્ધ હતા અને તેઓનું જીવન ખુબ જ સરળ હતું અને શિક્ષણ-આરોગ્ય ક્ષેત્રે જે લોકો વંચિત હતા તેઓને સહાય કરવામાં અગ્રેસર રહયા છે. જેનાથી લોકોની જીદગી બદલાઈ ગઈ છે.

જેનો જન્મ છે તે આત્મા અવધિ પુરી થયે અનંતયાત્રાએ ચાલ્યો જાય છે. તે જીવનનો ઘટનાક્રમ છે. પરંતુ આ દિર્ઘદ્રષ્ટિ ધરાવનાર ઉધોગપતિ સ્વ. રતન ટાટાની ચીરવિદાયથી ભારત દેશએ એક અમુલ્ય રતન ગુમાવ્યું છે. જેની કાયમી ખોટ રહેશે. આમ આ દિવ્ય આત્માને પરમમોક્ષ મળે તેવી પ્રર્થના કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.